સત્યમેવ જયતે

દાખલ.તારીખઃ–૦૭–૦૧–૨૦૧૯
રજી.તારીખઃ–૦૭–૦૧–૨૦૧૯
ફેસલતારીખઃ–૧૦–૦૭–૨૦૧૯
સમયગાળોઃ–૦૦વર્ષ,૦૬માસ,૦૩દિવસ.

## તાલાલાના મે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ સાહેબની કોર્ટ સમક્ષ.

**ફો. કેસ નં.૧/૨૦૧૯**

ફરીયાદી.સરકારશ્રી .

વિરુધ્ધ.

આરોપીઓ.

(૧) જયસુખ ઉર્ફે બેવડો ભીમશીભાઈ ગરેજા કોળી,
ઉ.વ.૨૭,રહે.માલજીંજવા,તા.તાલાલા,

(૨) અશ્વિનભાઈ ઉર્ફે ટીકું અમુભાઈ ધોળકીયા કોળી,
ઉ.વ.૩૧,રહે.સાસણ,તા.મેંદરડા

ગુનો::– પ્રોહી.એકટની કલમ–૬૫ ઈ મુજબ.

---

સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી બી. એસ. વિઠ્ઠલાણી.

**આરોપી તરફે વિ.વકીલ શ્રી.ડી.બી.વઢવાણા.**

---

**–::જજમેન્ટ::–**

**(૧) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા.૧૯/૦૮/૨૦૧૮ ના ક.૨૦:૦૦ વાગ્યે માલર્જીજવા ગામે પોતાના રહેણાંક મકાને ગેરકાયદેસર વગર પાસ પરમીટે પરપ્રાંતનો ઈગ્લીંશ દારૂ સ્પેશ્યીલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની દમણ બનાવટની પ્લાસ્ટીકના કંપની શીલપેક ચપટા(પાવલીયા) નંગ–૧૦૫ કિં.રૂા.૧૦૫૦૦/– નો મુદ્દામાલ રાખી મળી આવતા આરોપી જયસુખભાઈની પુછપુરછ કરતા પોતાના મીત્ર આરોપી નં.ર અશ્વિનભાઈ પાસેથી પોતે લઈ આવેલ હોવાનુ જણાવેલ છે જેથી એકબીજાએ મદદગારી કરી તમો આરોપીએ પ્રોહી એકટની કલમ ૬૫ઈ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે. જે હાલના ફોજદારી કેસ નંબરથી રજીસ્ટરે લેવામાં આવેલ છે.**

**(૨) સદર કામનો સમન્સ આરોપીને ધોરણસર બજેલ છે અને આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા તેમને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ની જોગવાઈ મુજબ ફરીયાદપક્ષે રજુ થયેલ પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આરોપી સામે આંક–૫ થી તહોમતનામુ તેમજ આંક–૬,૭ થી પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સબબ કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.**

**(૩) આ કામના ફરિયાદ પક્ષ તરફથી નીચે પ્રમાણેના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.**

**<u>મૌખીક પુરાવો :–</u>**

**૧. આંક–૯ થી ફરીયાદી ઈકબાલભાઈ અલ્લારખાભાઈ બેલીમની જુબાની.**

૨. આંક–૧૬ થી પંચસાહેદ રાજાભાઈ લાખાભાઈ ગાઘેની જુબાની.

૩. આંક–૧૮ થી પંચસાહેદ અશોકભાઈ મેણસીભાઈ બામણીયાની જુબાની.

૪. આંક–૧૯ થી પંચસાહેદ ચંદુભાઈ કાનજીભાઈ જેઠવાની જુબાની.

૫. આંક–૨૦ થી પંચસાહેદ રજાકભાઈ દાદાભાઈ સુમરાની જુબાની.

## <u>દસ્તાવેજી પુરાવો :–</u>

૧. આંક–૧૦ થી પંચનામુ

૨. આંક–૧૧ થી ફરીયાદ.

૩. આંક–૧૨ થી પંચનામુ.

૩. આંક–૧૩ થી ફોરવર્ડીગ લેટર તથા રવાનગી પત્રક.

(૪) સદર કામ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીના વિશેષ નિવેદન માટે રાખવામાં આવેલ પરંતુ રેકર્ડ પર વધારાનું નિવેદન લેવા યોગ્ય કોઈ પુરાવો ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન રેકર્ડ કરેલ નથી.

(૫) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી બી. એસ. વિઠ્ઠલાણીની તથા આરોપી તરફે વિ.વ.શ્રી ડી.બી.વઢવાણાની દલીલ સાંભળી.

(૬) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

૧ : શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી એ તા.૧૯/૦૮/૨૦૧૮ ના ક.૨૦ઃ૦૦ વાગ્યે માલજીંજવા ગામે પોતાના રહેણાંક મકાને ગેરકાયદેસર વગર પાસ પરમીટે પરપ્રાંતનો ઈગ્લીંશ દારૂ સ્પેશ્યીલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની દમણ બનાવટ ની પ્લાસ્ટીક ના કંપની શીલપેક ચપટા(પાવલીયા) નંગ–૧૦૫ કિં.રૂા.૧૦૫૦૦/– નો મુદ્દામાલ રાખી મળી આવતા આરોપી જયસુખભાઈની પુછપુરછ કરતા પોતાના મીત્ર આરોપી નં.૨ અશ્વિનભાઈ પાસેથી પોતે લઈ

આવેલ હોવાનુ જણાવેલ છે જેથી એકબીજાએ મદદગારી કરી તમો આરોપીએ પ્રોહી એકટની કલમ ૬૫ઈ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨ : શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧ : નકારમાં.

૨ : આખરી હુકમ મુજબ.

## –:: નિર્ણયના કારણો ::–

(૮) આ કામે પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદીની ફરીયાદની હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૧૯/૦૮/૨૦૧૮ ના ક.૨૦:૦૦ વાગ્યે માલજીંજવા ગામે પોતાના રહેણાંક મકાને ગેરકાયદેસર વગર પાસ પરમીટે પરપ્રાંતનો ઈગ્લીંશ દારૂ સ્પેશ્યીલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની દમણ બનાવટની પ્લાસ્ટીકના કંપની શીલપેક ચપટા(પાવલીયા) નંગ–૧૦૫ કિં. રૂા.૧૦૫૦૦/– નો મુદ્દામાલ રાખી મળી આવતા આરોપી જયસુખભાઈની પુછપુરછ કરતા પોતાના મીત્ર આરોપી નં.૨ અશ્વિનભાઈ પાસેથી પોતે લઈ આવેલ હોવાનુ જણાવેલ છે જેથી એકબીજાએ મદદગારી કરી તમો આરોપીએ પ્રોહી એકટની કલમ ૬૫ઈ મુજબની ફરીયાદ થયેલ જે હકીકત પુરવાર કરવા માટે આ કામે આંક–૧૬ થી પંચસાહેદ રાજાભાઈ લાખાભાઈ ગાધે તેમજ આંક–૧૮ થી પંચસાહેદ અશોકભાઈ મેણસીભાઈ બામણીયાને તપાસવામાં આવેલ છે તેઓની જુબાની મુજબ તેઓને આંક–૧૦ નું પંચનામુ બતાવવામાં આવે છે તેમા તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેમજ આંક–૧૯ થી પંચસાહેદ ચંદુભાઈ કાનજીભાઈ જેઠવા તેમજ આંક–૨૦ થી પંચસાહેદ રજાકભાઈ દાદાભાઈ સુમરાને તપાસવામાં આવેલ

**છે તેઓની જુબાની મુજબ તેઓને આંક–૧૨ નું પંચનામુ બતાવવામાં આવે છે તેમા તેઓની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ સદર કામે ચારેય પંચસાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે તૈયાર કાગળમાં મે સહી કરેલી તે સિવાય કાંઈ જાણતા નથી તેમ જણાવે છે. આમ આંક–૧૦, ૧૨ થી રજુ કરેલ પંચનામામાં જણાવેલ વિગત મુજબ પંચસાહેદોની હાજરીમાં પોલીસે કોઈ રેડ કરી આરોપી પાસે થી દારૂ કબ્જે કરેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.**

**(૯) સદર કામે ફરીયાદીની ફરીયાદ પુરવાર કરવા માટે આ કામે આંક–૯ થી ફરીયાદી ઈકબાલભાઈ અલ્લરખાભાઈ બેલીમને સોગંદપર તપાસવામાં આવેલ છે તેઓની જુબાની મુજબ ગઈ તા.૧૯/૦૮/૨૦૧૮ ના રોજ અમો તથા પો.હે.કો. એન.કે.છૈયા તથા જોરસંગ દેવસંગ તથા પ્રતિપાલ કાગડા તથા નિર્મળસિંહ હરસુરસિંહ એ રીતેના ક. ૧૭:૦૦ થી પેટ્રોલીંગમા હતા. દરમ્યાન ઉમરેઠી ડેમ પાટીયે આવતા અમોને હકીકત મળેલ કે જયસુખ ભીમસી ગરેજા રહે. માલર્જીજવા વાળાએ પોતાના ઘરે પરપ્રાંતીય ઈગ્લીશ દારુનો જથ્થો મંગાવી છુપાવેલ છે. તેવી હકીકત મળતા તુરત જ પંચોના બે માણસોને બોલાવી પ્રાથમીક પંચનામુ ક. ૧૮/૧૫ થી ૧૮/૩૦ સુધીનુ કરી હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતા એક ઈસમ હાજર હોય તેનુ નામ પુછતા જયસુખ ઉર્ફે બેવડો ભીમસી ગરેજા કોળી રહે. માલર્જીજવાવાળો હોવાનુ જણાવતા સાથે રાખી તપાસ કરતા મકાનમા સેટી પલંગ નીચેથી પ્લાસ્ટીકના બાચકામા પરપ્રાંત ઈગ્લીશ દારુ સ્પશીયલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની કંપની સીલ પેક ચપટા નં. ૧૦૫ મળી આવેલ જેની કિ.રૂા. ૧૦,૫૦૦/– ગણી તેમાથી એક ચપટુ કેમી.તપાસ અર્થે એફ.એસ.એલ.મા મોકલવા સારુ કિ.રૂા. ૧૦૦/– ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ. અને બાકીના ચપટા નંગ ૧૦૪ બાચકામા જેમના તેમ પંચનામાની વિગતે કબ્જે કરેલ. જે અંગે ક. ૧૯/૧૫ થી ૨૦/૦૦ સુધીનુ પંચનામુ કરી આરોપીને અટક કરેલ અને તેના અટકાયતની જાણ તેના મીત્રને કરવા**

તજવીજ કરેલ જે પંચનામા નીચે રુબરુ તરીકે મારી તથા પંચોની સહી છે. જે હુ ઓળખુ છુ. જે રજુ દાખલ આંક–૧૦.બાદ પોલીસ સ્ટેશને આવી રીપોર્ટ કરેલ અને આરોપી સામે ફરીયાદ આપેલ. જે ફરીયાદ જોઈને જણાવુ છુ કે તે તે જ છે અને તેમા દાખલ કર્તા તરીકે પી.એસ.ઓ. તાલાલા બી.પી.ભારથી ની સહી છે. જે હુ ઓળખુ છુ. જે રજુ દાખલ આંક–૧૧.બાદ પી.એસ.ઓ. તાલાલાએ આગળની તપાસ અમોને સોંપેલ. બાદ આરોપી જયસુખની પુછપરછ દરમ્યાન તેઓને આ જથ્થો અસ્વીન ઉર્ફે ટીકુ અમુ ધોળકીયા કોળી રહે. સાસણ તા. મેંદરડા આપી ગયેલ હોવાનુ જણાવતા અને તા. ૧૩/૧૨/૧૮ ના રોજ ક. ૧૮/૩૦ વાગ્યે જુનાગઢ જેલમાથી કબ્જો મેળવી પંચોની હાજરીમા તેની ધોરણસર અટકાયત કરેલ. જે પંચનામા નીચે રુબરુ તરીકે મારી તથા પંચોની સહી છે. જે હુ ઓળખુ છુ. જે રજુ દાખલ આંક–૧૩.બાદ સાહેદોના નીવેદનો લઈ આ કામમા સામેલ રાખેલ તથા મુદામાલ એફ.એસ.એલ.મા મોકલવા તજવીજ કરેલ. જે એફ.એસ.એલ.રવાનગી પત્ર તથા ફોરવડીંગ પત્ર નીચે મારી સહી છે અને પી.એસ.આઈ. તાલાલાના માર્કાનુ ગોળ રાઉન્ડ સીલ છે. જે હુ ઓળખુ છુ. જે રજુ સંયુકત દાખલ આંક–૧૪.

આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ. આરોપી તરફે મુકિત અરજી છે. ઓળખની તકરાર જતી કરેલ છે. મુદામાલ જે છે તે જ છે.જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે બનાવના સ્થળે બનાવ પહેલા ગયેલો નથી. એ વાત ખરી છે કે બનાવ ના સ્થળે બનાવ પહેલા ગયેલ ન હોય જેથી બનાવ સ્થળના માલીક કોણ છે અને કેટલા છે તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગ કે રેઈડમા જઈએ ત્યારે સરકારી વાહનની નોંધ લોગ બુકમા કરવાની થતી હોય છે. એ વાત ખરી છે કે આ કામે કોઈ લોગબુકનો ઉતારો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે રેઈડમા સામેલ પોલીસ કર્મચારીઓ જે હાજર હતા તેઓની હાજરીનો આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ધણા કીસ્સામા બીનવારસી મુદામાલ મળી આવે છે. એ વાત ખરી નથી કે બીનવારસી મુદામાલ

આરોપીના નામે ચડાવી હાલની ફરીયાદ ખોટી આપેલ છે. એ વાત ખરી નથી કે ઓફીસે બેઠા બેઠા પંચનામુ કરી તૈયાર પંચનામા મા પંચોની સહી કરાવેલી છે. એ વાત ખરી છે કે વાડીનો આધાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગમા જાયે ત્યારે સ્ટેશન ડાયરીમા નોંધ કરવાની હોય છે. એ વાત ખરી છે કે ફરીયાદમા વાહનના નંબર જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે તપાસ કરનાર તથા ફરીયાદી અને ચાર્જસીટ કરનાર હુ છુ.એ વાત ખરી નથી કે કોઈ આરોપી એ એકબીજાના નામ આપેલ ન હોવા છતા કામગીરી બતાવવા માટે તમામ આરોપી ઓ ઉપર ખોટી ફરીયાદ કરી ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી ફરીયાદ ના આધારે સાહેદોના નિવેદનો ફરીયાદને અનુરુપ લખી લીધેલા છે. એ વાત ખરી છે કે પોલીસ સીવાય કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે આવો કહેવાતો કોઈ મુદામાલ આરોપીના કબ્જામાંથી કે તેની પાસેથી મળી આવેલ ન હોવ છતા આરોપી સામે ખોટો કેસ કરી ખોટી તપાસ કરેલ છે. એ વાત ખરી નથી કે કોઈ એફએસએલમા કોઈ મુદામાલ મોકલેલ નથી કે કોઈ રીપોર્ટ આવેલ નથી. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જસીટ કરેલુ છે. આ કામે ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર તેમજ પો.સાહેદ બનાવની હકીકત ને સમર્થન કારક પ્રયત્ન કરેલ હોય પરંતુ આ સદર કામમાં કોઈપણ સ્વતંત્ર સાહેદો કે અન્ય રીતે કોઈપણ દાર્શનીક પુરાવાથી ફરીયાદની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી ફરીયાદને સમર્થન કરતા નથી.

(૧૦) ઉપરોકત પુરાવાની છણાવટ કરીએ તો આ કામે પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓએ આરોપી પાસેથી હાલના કેસવાળો મુદ્દામાલ પોલીસે તેઓની હાજરીમાં કબ્જે કરેલ ન હોવાની કેફીયત આપેલ છે. તેઓ આરોપીને ઓળખતા નથી તેવા સંજોગોમાં પંચોની હાજરીમાં આરોપી પાસે કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ હોય કે પંચોની રૂબરૂ આરોપીના નામઠામની ખાત્રી કરી

પંચનામુ કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળતુ નથી. આ કામે પોલીસ ધ્વારા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાની નોંધવામાં આવેલી નથી. પંચો સિવાયના સાહેદ પોલીસ સાહેદ છે. તપાસ કરનાર અમલદારે બીજા કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. બનાવનું સ્થળ જોવામાં આવે તો તે વસ્તીવાળુ છે. જે હકીકત ખુદ તપાસ કરનાર અમલદારે કબુલ રાખેલ. આમ સદર બનાવવાળી જગ્યાને લક્ષમાં લઈએ તો ત્યાં સહેલાઈથી સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હતા તેમ છતા તેવા સ્વતંત્ર સાહેદોના નિવેદનો ન લઈ કામમાં સામેલ ન રાખી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન અપાવેલ નથી. વધુમાં મુદ્દામાલ આ કામના આરોપીનો જ હોવા બાબતે કોઈ પુરાવો આ કામે મળી આવેલ નથી. તેવા સંજોગોમાં સદર મુદ્દામાલ આરોપીનો જ હોવા બાબતે કોઈ સમર્થન મળતુ નથી. હાલના કામે ફરીયાદી તથા ત.ક.અમલદારે સમર્થન કારક જુબાની આપેલ છે, પરંતુ ફરીયાદી તથા ત.ક. અમલદાર પોલીસ સાહેદ છે. જેઓ હીત ધરાવતા સાહેદ ગણી શકાય. તે સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી કે તેઓના જવાબો પણ લેવામાં આવેલ નથી.

સદર કામે ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવવાળા સ્થળની મિલ્કત અંગે કોઈ આધાર પણ આ કામે રજુ કરવામાં આવેલ નથી તે પંચસાહેદોની હાજરીમાં મુદ્દામાલ કબ્જે કરવાની વિગત ફરીયાદપક્ષ જણાવે છે તે મુજબ પંચનામુ ફરીયાદ પક્ષે કોઈ સમર્થન કરેલ નથી. બનાવવાળી જગ્યાએ તપાસ કરનાર અધિકારી એ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધા નથી. સ્વતંત્ર સાહેદ તરીકે પોલીસ સિવાય અન્ય કોઈપણ સાહેદોને ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં માત્ર ફરીયાદી અને સાહેદની જુબાનીના આધારે આ કામના આરોપીને સજા કરી શકાય નહિ. પ્રેટ્રોલીંગમાં સરકારી વાહન હતુ અને વાહનની લોગબુક આ કામે રજુ કરેલ નથી પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી. આ સાહેદની જુબાની મુજબ તેઓ પ્રાથમિક પંચનામુ કરી રેડ કરવા ગયા ત્યારે તે અંગેની નોંધ લોગબુકમાં કરવામાં

આવે છે તે રેડ અંગેનો આધાર તરીકે લોગબુકનો ઉતારો આ કામે રજુ કરવામાં આવેલ નથી. પંચનામુ ફરીયાદ કરતા અગાઉ થાય છે પરંતુ તે પંચનામામાં જણાવેલ પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી.

નામદાર સુપ્રીમ કોર્ટે સેશપાલસિંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એ. આઈ.આર ૧૯૯૯ સુપ્રીમ કોર્ટ પેજ નં.૪૯ ચુકાદામાં ઠરાવેલ છે કે સામાન્ય રીતે ફોજદારી કેસમાં આરોપીઓ સામે ગુનો નિઃશંકપણે પુરવાર થવો જોઈએ જો ગુનો જાહેર જગ્યામાં બનેલ હોય અને ત્યાં પબ્લીકમાં માણસોની અવર જવર હોય ને આવા પબ્લીકના માણસોનો જવાબ સહેલાઈ થી મેળવી શકાય તેમ હોય તો તેવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારી એ તેવા પબ્લીકના માણસનો જવાબ લેવો જોઈએ અને ફરીયાદપક્ષે તે વ્યકિતની સ્વતંત્ર સાક્ષી તરીકે તપાસવા જોઈએ અન્યથા માત્ર પોલીસના પુરાવાના આધારે આરોપીને સજા થઈ શકે નહિ.

(૧૧) જેથી બનાવ સમયે આ કામના આરોપીએ તા.૧૯/૦૮/૨૦૧૮ ના ક.૨૦:૦૦ વાગ્યે માલજીંજવા ગામે પોતાના રહેણાંક મકાને ગેરકાયદેસર વગર પાસ પરમીટે પરપ્રાંતનો ઈગ્લીંશ દારૂ સ્પેશ્યીલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની દમણ બનાવટની પ્લાસ્ટીકના કંપની શીલપેક ચપટા(પાવલીયા) નંગ–૧૦૫ કિં. રૂા.૧૦૫૦૦/– નો મુદ્દામાલ રાખી મળી આવતા આરોપી જયસુખભાઈની પુછપુરછ કરતા પોતાના મીત્ર આરોપી નં.૨ અશ્વિનભાઈ પાસેથી પોતે લઈ આવેલ હોવાનુ જણાવેલ છે જેથી એકબીજાએ મદદગારી કરી તમો આરોપીએ પ્રોહી એકટની કલમ ૬૫ઈ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનુ નિઃશંકપણે પુરવાર થતુ ન હોય આમ, ફરીયાદપક્ષ એ ફરીયાદની હકીકતોને પુરવાર કરવામાં નિઃશંક પણે નિષ્ફળ ગયેલ હોય તેમજ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

# :: આખરી હુકમ ::

૧. આ કામના આરોપીઓ નામે (૧) જયસુખ ઉર્ફે બેવડો ભીમશીભાઈ ગરેજા કોળી,ઉ.વ.૨૭,રહે.માલજીંજવા,તા.તાલાલા,(૨) અશ્વિનભાઈ ઉર્ફે ટીકું અમુભાઈ ધોળકીયા કોળી,ઉ.વ.૩૧,રહે.સાસણ,તા.મેંદરડાવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે પ્રોહી. એકટની કલમ–૬૫ઈ મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ દારૂ અપીલ સમય વીત્યા બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓએ ક્રિ.પ્રો.કો.ની કલમ ૪૩૭ (એ) મુજબના આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૦ મી માહે જુલાઈ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૦/૦૭/૨૦૧૯
સ્થળ: તાલાલા

(મિતેષકુમાર કિરીટકુમાર મહેતા)
જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફ.કલાસ
તાલાલા
કોડ નં.જીજે.૦૧૨૨૫